પેજ 3

અર્જુન રામપાલની સારવાર માટે આવેલો લુધિયાણાનો ડોક્ટર 'ધુરંધર 2'નો અભિનેતા બની ગયો

લુધિયાણા, તા. 25 : 8 જુલાઈ 2025ના રોજ પંજાબના લુધિયાણામાં 'ધુરંધર 2' ના સેટ પર અર્જુન રામપાલની માથાની ઈજાની સારવાર કરવા માટે ડોક્ટર આવ્યા હતા. તેમનું કામ પૂરું થયા પછી ડોક્ટર રણવીર સિંહ સાથે ફોટો પડાવવા માંગતા હતા. ત્યારે અભિનેતાએ સહજતાથી ટિપ્પણી કરી: "અમે તમને ફિલ્મમાં લઈશું." અને ખરેખર ત્રણ દિવસમાં જ તેમને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવ્યા. કાલખ ગામની સરકારી આરોગ્ય સુવિધામાં ફરજ બજાવતા ડો. સની અશોક, જ્યારથી તેમની કાસ્ટિંગની વિગતો જાહેર થઈ છે ત્યારથી બોલિવૂડની આ ખ્યાતિનો પૂરો આનંદ માણી રહ્યા છે. 'ધુરંધર 2' નું શૂટિંગ પંજાબના વિવિધ ભાગોમાં વ્યાપકપણે કરવામાં આવ્યું હતું.

'ધુરંધર 2' જોઈને અમેરિકી મીડિયાએ તેને 'ઝેરીલી ફિલ્મ' અને 'બર્બર રાષ્ટ્રવાદ' ગણાવ્યો

મુંબઈ, તા. 25 : રણવીર સિંહ સ્ટારર 'ધુરંધર: ધ રિવેન્જ' બોક્સ ઓફિસ પર સુનામીની જેમ ત્રાટકી છે. 19 માર્ચના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મે પ્રીમિયર શો સહિત માત્ર 6 દિવસમાં જ વિશ્વભરમાં ₹937.49 કરોડનું ગ્રોસ કલેક્શન કરી લીધું છે. તેમાંથી માત્ર વિદેશી બજારમાં ₹250.00 કરોડની ગ્રોસ કમાણી થઈ છે. વિદેશોમાં અત્યાર સુધીની કોઈપણ બોલિવૂડ ફિલ્મની આ સૌથી વધુ કમાણી છે. દેશમાં જ્યાં ચાહકો વખાણ કરી રહ્યા છે, ત્યાં દર્શકોનો એક સમૂહ તેને 'પ્રોપેગેન્ડા ફિલ્મ' ગણાવીને ટીકા કરી રહ્યો છે. વિદેશી સમીક્ષકોએ આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી આ સિક્વલ ફિલ્મમાં ક્રૂરતા, હિંસા અને વિઝ્યુઅલ્સની ટીકા કરી છે. એટલું જ નહીં, ફિલ્મને ધાર્મિક અને રાજકીય સ્તરે 'અસંવેદનશીલ' ગણાવી છે. એક વિદેશી વેબસાઇટ 'કલ્ચર મિક્સ'એ 'ધુરંધર 2' ની સમીક્ષા કરતાં લખ્યું છે કે, ''આ ફિલ્મમાં ઝેરીલો અને ક્રૂર રાષ્ટ્રવાદ દર્શાવાયો છે, જે કડવો અને ખૂંચે તેવો છે.''

જયપુરમાં કાર અકસ્માતમાં 30 વર્ષીય અભિનેત્રી અને મોડલ હર્ષિલ કાલિયાનું મોત

જયપુર, તા. 25 : 30 વર્ષીય અભિનેત્રી-મોડેલ હર્ષિલ કાલિયાના આકસ્મિક નિધને રાજસ્થાનના મનોરંજન જગતને આઘાતમાં મૂકી દીધું છે. પ્રાદેશિક સિનેમા અને ડિજિટલ કન્ટેન્ટમાં એક ઉભરતો ચહેરો, કાલિયાનું 23 માર્ચના રોજ જયપુરમાં મોડી રાત્રે એક કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું, જેના કારણે હજુ વેગ પકડવાનું શરૂ કરી રહેલી કારકિર્દીનો અકાળે અંત આવ્યો હતો. જયપુરમાં સ્થાયી થયેલી હર્ષિલ કાલિયાએ પોતાની કારકિર્દીની શરૂઆત એક મોડેલ તરીકે કરી હતી અને ધીમે ધીમે સોશિયલ મીડિયા, ખાસ કરીને ફેસબુક પર મજબૂત પકડ બનાવી હતી. આ પ્લેટફોર્મ પર પાંચ હજારથી વધુ ફોલોઅર્સ સાથે તેમની વધતી જતી લોકપ્રિયતાએ તેમને અભિનયના ક્ષેત્રમાં આવવા માટે મદદ કરી હતી, જ્યાં તેમણે પ્રાદેશિક મનોરંજન ક્ષેત્રે પોતાની ઓળખ બનાવી હતી.

તમારા ખોરાક સાથે રમશો નહીં! ઉંદર ખાતા પહેલા તેની સાથે રમતા લિન્ક્સનો અદભુત ફોટો

» વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર એવોર્ડ્સમાં પોતાના ખોરાક સાથે રમતા લિન્ક્સના એક અદભુત ફોટાએ જાહેર મત જીત્યો હતો. આ એક્શન શોટ, જેમાં એક નાનું બિલાડીનું બચ્ચુ ઉંદરને હવામાં ઉછાળીને તેને મારીને ખાઈ જાય છે, તે સ્પેનિશ શહેર સિઉદાદ રીઅલમાં લેવામાં આવ્યો હતો અને તેને રેકોર્ડ બ્રેક 85,917 મત મળ્યા હતા. ઓસ્ટ્રિયાના ફોટોગ્રાફર જોસેફ સ્ટેફને સ્પેનના ટોરે ડી જુઆન અબાદ ખાતે એક ઇબેરિયન લિન્ક્સનું બે અઠવાડિયા સુધી નિરીક્ષણ કરીને આખરે એવોર્ડ વિજેતા ફોટો મેળવ્યો. આ ઉપરાંત શોર્ટ લિસ્ટ થયેલા અન્ય ફોટાઓમાં કેનેડામાં વિલ નિકોલ્સ દ્વારા લેવામાં આવેલ નાના રીંછના બચ્ચાઓનો ફોટો, કોહેઈ નાગીરા દ્વારા લેવામાં આવેલ એક સીકા હરણનો પોતાના હરીફ નર હરણનું કપાયેલું માથું લઈને જતું હોય તે ફોટો, ક્રિસ્ટોફર પેટકાઉ દ્વારા કેનેડામાં ઉનાળાની ગરમીમાં માતા ધ્રુવીય રીંછ અને તેના ત્રણ બચ્ચાના ફોટાને પણ ખૂબ પ્રશંસા મળી હતી.

કોંગ્રેસને દિલ્હીની બંને ઓફિસો ખાલી કરવા માટે અંતિમ નોટિસ

અકબર રોડ અને રાયસીના રોડ પર આવેલી ઓફિસો 28 માર્ચ સુધીમાં ખાલી કરવા જણાવી દેવાયું

નવી દિલ્હી, તા. 25 (PTI): સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ પાર્ટીને લ્યુટિયન્સ દિલ્હીમાં આવેલી તેની 24, અકબર રોડ ઓફિસ અને 5, રાયસીના રોડ પરિસરને 28 માર્ચ સુધીમાં ખાલી કરવા માટે એસ્ટેટ વિભાગ તરફથી નોટિસ મળી છે.

પાર્ટીને તેની જૂની ઓફિસમાંથી હાંકી કાઢવામાં આવે તેવી છે, જે તેની પાસે 1978થી છે.

કારણ કે, એસ્ટેટ વિભાગ દ્વારા મોકલવામાં આવેલી આ અંતિમ નોટિસ છે.

પાર્ટીનું મુખ્ય મથક હજી પણ અકબર રોડ ઓફિસમાં છે, જ્યારે ભારતીય યુવા કોંગ્રેસ રાયસીના રોડ પરિસરમાંથી કાર્યરત છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ નોટિસ થોડા દિવસો પહેલા જ આપવામાં આવી હતી અને તેમાં આ જૂની પાર્ટીને એક અઠવાડિયાનો સમય પણ આપવામાં આવ્યો નથી.

પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે હજી આ મુદ્દે પોતાની વ્યૂહરચના નક્કી કરવાની બાકી છે અને આ અચાનક મળેલી નોટિસને ધ્યાનમાં રાખીને કોર્ટમાં પણ જઈ શકે છે.

કોંગ્રેસે અગાઉથી જ ઈન્દિરા ભવન ખાતે પોતાની નવી પાર્ટી ઓફિસ બનાવી લીધી છે.

વંદે માતરમ એક પ્રોટોકોલ છે, ફરજિયાત નથી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમે ગૃહ મંત્રાલયના વંદે માતરમ અંગેના પરિપત્ર વિરુદ્ધની અરજી ફગાવી

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે બુધવારે શાળાઓ અને સરકારી કાર્યક્રમોમાં રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' ગાવા અંગેના ગૃહ મંત્રાલયના પરિપત્રને પડકારતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે, સરકારનો આ આદેશ માત્ર એક 'પ્રોટોકોલ' અથવા 'એડવાઈઝરી' (સલાહ) સમાન છે અને તે ફરજિયાત નથી.

કોર્ટે નોંધ્યું હતું કે પરિપત્રમાં 'મે' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે આ નિર્દેશ સ્વૈચ્છિક છે. જસ્ટિસ બાગચીએ અરજદાર મોહમ્મદ સઈદ નૂરીના વકીલ સંજય હેગડેને કહ્યું કે, ગીત ન ગાવા બદલ કોઈ દંડ કે સજાની જોગવાઈ નથી, તેથી આ અરજી 'અપરિપક્વ' છે. હેગડેએ એવી દલીલ કરી હતી કે દંડ ન હોવા છતાં, સામાજિક રીતે લોકોને આ ગીત ગાવા માટે મજબૂર કરવામાં આવી શકે છે અને ન ગાનારાઓ સાથે ભેદભાવ થઈ શકે છે. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બંધારણની કલમ 51-એનો હવાલો આપીને મૂળભૂત ફરજોની યાદ અપાવી હતી. સામી બાજુ હેગડેએ દલીલ કરી કે બંધારણમાં માત્ર રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત (જન ગણ મન)ના સન્માનનો ઉલ્લેખ છે, વંદે માતરમનો નહીં. જોકે, ચીફ જસ્ટિસે અરજદારને સ્વતંત્રતા આપી હતી કે જો ભવિષ્યમાં આ ગીત ન ગાવા બદલ કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવે અથવા ભેદભાવ થાય, તો તેઓ ફરીથી કોર્ટના દ્વાર ખખડાવી શકે છે. હાલમાં કોર્ટે આ મામલે કોઈ પણ હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો છે.

ગાઝિયાબાદ જાસૂસી રેકેટમાં વધુ ત્રણની ધરપકડ; કુલ 21 પકડાયા

ગાઝિયાબાદ (યુપી), તા. 25 (પીટીઆઈ): પાડોશી દેશને સંવેદનશીલ માહિતી મોકલતા પાકિસ્તાન સાથે જોડાયેલા જાસૂસી રેકેટના વધુ ત્રણ કથિત સભ્યોની પોલીસે ધરપકડ કરી છે, આ સાથે આ કેસમાં ધરપકડ કરાયેલા લોકોની કુલ સંખ્યા 21 થઈ ગઈ છે. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આરોપીઓમાં સમીર ઉર્ફે શૂટરનો સમાવેશ થાય છે, જે બિહારના ભાગલપુરનો વતની છે અને હાલમાં દિલ્હીમાં રહે છે, જેને આ કથિત નેટવર્કનો મુખ્ય સભ્ય માનવામાં આવે છે. પોલીસે જણાવ્યું હતું કે, અન્ય બે ધરપકડ કરાયેલા લોકો શામલી જિલ્લાનો સમીર અને શાહજહાંપુરનો શિવરાજ છે, જે હાલ ગાઝિયાબાદમાં રહે છે. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ટ્રાન્સ હિંડન) ધવલ જયસવાલે જણાવ્યું હતું કે, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ આરોપીઓની પૂછપરછ કરી છે.

68% એપ્રુવલ રેટિંગ સાથે પીએમ મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા

મોદી પછી સ્વિટ્ઝર્લેન્ડના ગાય પરમેલિનને 62 ટકા એપ્રુવલ રેટિંગ, માત્ર 39 ટકા રેટિંગ સાથે ટ્રમ્પ 14માં સ્થાને

વોશિંગ્ટન, તા. 25 : યુનાઈટેડ સ્ટેટ્સ સ્થિત ડેટા એનાલિટિક્સ ફર્મ મોર્નિંગ કન્સલ્ટ દ્વારા કરવામાં આવેલા વૈશ્વિક સર્વે અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી 68 ટકાના એપ્રુવલ રેટિંગ સાથે વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે. 26 ટકા લોકોએ મોદીને નાપસંદ કર્યા, જ્યારે લગભગ 6 ટકા લોકોએ પોતાનો અભિપ્રાય શેર કર્યો નથી.

ગયા વર્ષે પણ, મોદી વિશ્વના સૌથી લોકપ્રિય લોકશાહી નેતા હતા અને તે જ પેઢી દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેમાં તેમને 75 ટકાની મંજૂરી રેટિંગ મળી હતી. મોર્નિંગ કન્સલ્ટ અનુસાર, ડેટા આ મહિનાની શરૂઆતમાં 9 માર્ચે અપડેટ કરવામાં આવ્યો હતો આ જ સર્વે મુજબ, યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મંજૂરી રેટિંગ 39 ટકા છે જ્યારે 55 ટકા લોકોએ તેમને નાપસંદ કર્યા છે. મોદી પછી ટોચ પર સ્વિટ્ઝર્લેન્ડના ગાય પરમેલિન છે જેમને 62 ટકા એપ્રુવલ રેટિંગ છે અને નાપસંદનું રેટિંગ ફક્ત 20 ટકા છે. ત્રીજા નંબર પર દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ છે જેમને ગાય પરમેલિન જેટલા જ એપ્રુવલ રેટિંગ છે પરંતુ 30 ટકાનું નાપસંદ રેટિંગ છે.

વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓને મળેલા રેટિંગ્સ

નેતા	દેશ	પસંદ	ખબર નથી	નાપસંદ
નરેન્દ્ર મોદી	ભારત	68%	6%	26%
ગાય પરમેલિન	સ્વિટ્ઝરલેન્ડ	62%	18%	20%
લી જે મ્યુંગ	દક્ષિણ કોરિયા	62%	8%	30%
આન્દ્રેજ બાબીસ	ચેક પ્રજાસત્તાક	57%	11%	32%
શનાએ તકાચી	જાપાન	56%	11%	33%
જેવિયર મિલેઇ	આર્જેન્ટીના	56%	3%	41%
માર્ક કાર્ની	કેનેડા	55%	10%	35%
ક્લાઉડીયા શૈનાબૌમ	મેક્સિકો	47%	8%	46%
બાર્ટ ડે વેવર	બેલ્જિયમ	42%	13%	45%
લુલા ડા સિલ્વા	બ્રાઝિલ	42%	5%	53%

ઉડાન યોજનામાં મોટો સુધારો : નાના શહેરો વચ્ચે હવાઈ જોડાણ વધારાશે

રાજ્ય સરકારોની મદદથી 100 નવા એરપોર્ટ વિકસાવવામાં આવશે

અંતરિયાળ વિસ્તારોમાં કનેક્ટિવિટી સુધારવા 200 આધુનિક હેલિપેડ બનાવવાનું લક્ષ્ય

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ): કેન્દ્રીય કેબિનેટે બુધવારે પ્રાદેશિક હવાઈ કનેક્ટિવિટી વધારવા માટે સુધારેલી 'ઉડાન' (યુડીએએન) યોજનાને મંજૂરી આપી છે. આગામી 10 વર્ષ (નાણાકીય વર્ષ 2026-27થી 2035-36) માટે આ યોજના પાછળ 28,840 કરોડનો જંગી ખર્ચ કરવામાં આવશે. આ બજેટનો ઉપયોગ એરપોર્ટ્સના વિકાસ, હેલિપેડ્સના નિર્માણ, જાળવણી અને ભારત નિર્મિત વિમાનોની ખરીદી માટે કરવામાં આવશે.

કેબિનેટ બેઠક બાદ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ સુધારેલી યોજના હેઠળ રાજ્ય સરકારોની મદદથી 100 નવા એરપોર્ટ વિકસાવવામાં આવશે, જેના માટે 12,159 કરોડ ફાળવાયા છે. આ ઉપરાંત, અંતરિયાળ વિસ્તારોમાં કનેક્ટિવિટી સુધારવા માટે 3,661 કરોડના ખર્ચે 200 આધુનિક હેલિપેડ બનાવવાનું લક્ષ્ય છે. એરલાઈન્સને આ રૂટ્સ પર વિમાન ચલાવવા માટે 10,043 કરોડની 'વાયેબિલિટી ગેપ ફંડિંગ' સહાય પણ અપાશે.

પાકિસ્તાની પીએમ શરીફે સાઉદી ક્રાઉન પ્રિન્સ સાથે કરી ખાસ ચર્ચા

ઈસ્લામાબાદ, તા. 25 (પીટીઆઈ): પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે બુધવારે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે ટેલિફોનિ પર વાતચીત કરી હતી. આ ચર્ચા દરમિયાન શરીફે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને ઘટાડવા માટે પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા રાજદ્વારી પ્રયાસોની વિગતવાર જાણકારી આપી હતી. શરીફે સાઉદી અરેબિયા પર થયેલા તાજેતરના હુમલાઓની સખત નિંદા કરી હતી અને મુશ્કેલ સમયમાં સાઉદી અરેબિયાની સાર્વભૌમત્વની રક્ષા માટે પાકિસ્તાનના અતૂટ સમર્થનની ખાતરી આપી હતી. વડા પ્રધાન શરીફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, તેમણે ક્રાઉન પ્રિન્સને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે પાકિસ્તાન દ્વારા કરવામાં આવતી મધ્યસ્થીની કોશિશો વિશે માહિતગાર કર્યા છે અને બંને દેશો આ બાબતે નજીકથી સંકલન જાળવવા સંમત થયા છે.

પ્રફુલ્લ પટેલ અને તટકરેએ NCP પર નિયંત્રણના પ્રયાસ કર્યા હતા: રોહિત પવાર

અજિત પવારના નિધન બાદ બંને નેતાઓએ ચૂંટણી પંચને તમામ સત્તા પ્રફુલ્લ પટેલને સોંપવા માગ કરી હતી

મુંબઈ, તા. 25 (પીટીઆઈ): એનસીપી (એસપી)ના ધારાસભ્ય રોહિત પવારે બુધવારે એક પ્રેસ કોન્ફરન્સમાં સનસનાટીભર્યો દાવો કર્યો છે કે, જાન્યુઆરીમાં અજિત પવારના આકસ્મિક નિધન બાદ પાર્ટી પર કબજો મેળવવા માટે વરિષ્ઠ નેતાઓ પ્રફુલ્લ પટેલ અને સુનિલ તટકરેએ 'પૂર્વ આયોજિત' કાવતરું ઘડ્યું હતું. રોહિતના જણાવ્યા અનુસાર, અજિત પવારના મૃત્યુના 18 દિવસ બાદ આ નેતાઓએ ચૂંટણી પંચને પત્ર લખીને પાર્ટીના બંધારણમાં ફેરફાર થયો હોવાનો ખોટો દાવો કર્યો હતો અને તમામ સત્તા કાર્યકારી અધ્યક્ષ (તત્કાલીન પ્રફુલ્લ પટેલ)ને સોંપવા માગણી કરી હતી.

રોહિત પવારે વધુમાં જણાવ્યું કે, મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ સુનેત્રા પવારે પાછળથી ચૂંટણી પંચને પત્ર લખીને વિનંતી કરી હતી કે 28 જાન્યુઆરીથી તેમણે પદ સંભાળ્યું ત્યાં સુધીના કોઈ પણ પત્રવ્યવહારને ધ્યાનમાં ન લેવો. રોહિતે આક્ષેપ કર્યો કે સુનેત્રા પવાર કે પાર્થ પવારને આ ફેરફારો અંગે વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હતા. તેમણે આ મામલે ગુનાહિત તપાસની માગ કરી છે અને કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલના નિવેદનોને પણ શંકાસ્પદ ગણાવ્યા છે.

સિદ્ધાંતો સાથે બાંધછોડને બદલે મારા પિતા મરવાનું પસંદ કરશે : ઇમરાનનો પુત્ર

ઇસ્લામાબાદ, તા. 25 : જેલમાં પૂર્વ પાકિસ્તાની કેપ્ટન ઇમરાન ખાનના સ્વાસ્થ્યને લઈને દેશ અને ક્રિકેટ જગતમાં ચિંતા વધી રહી છે. તાજેતરમાં, ક્રિકેટ જગતની ઘણી હસ્તીઓએ સરકારને તેમને યોગ્ય તબીબી સંભાળ અને માનવીય વ્યવહાર સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. આ ચિંતાનું મુખ્ય કારણ તેમની આંખોની દૃષ્ટિ અંગેના અહેવાલો છે, જેના કારણે જેલમાં બંધ ખાનની સ્થિતિ પર વધુ ધ્યાન આપવાની માંગ ઊઠી છે. તાજેતરમાં, ઇંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઇકલ એથર્ટને 'ધ ટાઇમ્સ'માં એક લેખ લખ્યો છે, જેમાં ઇમરાનના પુત્રો સુલેમાન ખાન અને કાસિમ ખાન સાથે વાત કર્યા બાદ તેમની હાલની સ્થિતિ પર નવો પ્રકાશ પાડ્યો છે.

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત **નરેશભાઈ કરશનભાઈ ખાંભલ્યા** ની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકીની ચાલી આવેલી હોવાનું જણાવે છે અને સદરહુ મીલકતનો ટાઈટલ રીપોર્ટ હમોએ આપવાનો છે અને તેઓ જણાવે છે કે તેઓના સદરહુ મિલકતના અગાઉની માલીકોના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે માટે સદરહુ મીલકત બાબતે કોઈને કોઈપણ જાતના વાંધા કે ચાર્જ બોજો લીયન હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં અને તેમણે પોતાના તમામ હકક હિસ્સો જતો કર્યો છે તેમ માની હમો સદરહુ મિલકત અંગેનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને હમારા અસીલ બેંક સદરહુ મિલકત મોર્ગેજ / ગીરોમાં લેશે અને હમારા અસીલ બેંકનો સદરહું મીલકત ઉપર પ્રથમ ચાર્જ રહેશે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે જેની લેવટની નોંધ લેવી.

ખોવાઈ ગયેલ દસ્તાવેજની વિગત :- તારીખ: ૩૦-૦૫-૨૦૦૨ નાં રોજથી સબ-રજીસ્ટ્રાર કામરેજ સાહેબની કચેરીમાં નોંધાયેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજી.નં. ૫૩૩ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ.

મીલકતની વિગત :- સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ કામરેજ **મોજે ગામઃ કામરેજના** રે.સર્વે નંબર. ૩૬૬, બ્લોક નં. ૩૫૨ વાળી બીનખેતીની જમીનમાં આયોજીત **પરમધામ સોસાયટી** તરીકે ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૧૨, ક્ષેત્રફળ: ૫૮.૫૨ ચો.મીટરવાળી મિલકત. (તા. ૨૬/૦૩/૨૦૨૬)

ઓફિસ : 'શિવશકિત', ૩૧૨, રોયલ ટ્રેડ સેન્ટર, સ્ટાર બજારની સામે, સુરત-હજીરા રોડ, અડાજણ સુરત. મો. ૯૭૧૨૯ ૩૯૨૯૨, ૯૩૭૪૫ ૩૯૨૯૨

મારી મારફત
રાજેન્દ્રસિંહ ટી. ઠાકોર
એડવોકેટ એન્ડ નોટરી

ખરીદનાર સાવધાન/જાહેર ચેતવણી
વેસુ ટી.પી.સ્કીમ નં.૬, ફા.પ્લોટ નં.૨૮ વાળી જમીન

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, તા. મજુરા, મોજે વેસુ જેનો રે.સ.નં.૪૭૦ જેનો નવો નં.૩૦૩ વાળી જમીન હાલ ટી.પી.સ્કીમ નં. ૬, ફાયનલ પ્લોટ નં.૨૮ તરીકે ચાલી આવેલ છે. સદરહું જમીન જે તે સમયે અમોના અસીલ મનુભાઈ માયાભાઈ આહિરનાએ હમાબેન આશીકઅલી નરસી ને વેચાણ અપાવવા માટે તથા સદરહું જમીનમાં ચાલી આવેલ માલીકી અંગેના વિવાદો પૂર્ણ કરવા તથા જમીન સંપુર્ણ ટાઈટલ કલીયર કરવાની કામગીરી કરવા મધ્યસ્થી તરીકેની કામગીરી સોંપેલ હતી. જે કાર્યવાહિ કરવા અને તેના મહેનતાણાં રૂપે અમોના અસીલને સદરહું જમીન માંથી ૩૫૦ ચો.વારનો અલગથી દસ્તાવેજ કરી આપવા તથા રોકડા રૂા.૧,૨૦,૦૦,૦૦૦/- પુરા ચુકવી આપવા બંધાયેલ હતા. અમોના અસીલે સદરહું જમીનમાં ચાલતા વિવાદોનો ઉકેલ લાવી જમીન સંપુર્ણ ટાઈટલ કલીયર કરાવી આપેલ હતી. બાદ આ હમાબેન આશીકઅલી નરસીનાએ અમોના અસીલને મહેનતાણાં રૂપે નકિક કરેલ સદરહું જમીન માંથી ૩૫૦ ચો.વાર નો દસ્તાવેજ કરવા તથા રોકડા રૂા.૧,૨૦,૦૦,૦૦૦/- પુરા ચુકવી આપવા બંધાયેલ હોવા છતાં અને તેના લખાણો અમોના અસીલને કરી આપેલ હોવા છતાં આ હમાબેન નાઓએ ફકત રૂા.૧૦,૦૦,૦૦૦/- આપેલ. બાદ બાકીના રૂપિયા તથા ૩૫૦ ચો.વારનો દસ્તાવેજ કરાવી આપવા અવાર નવાર અમોના અસીલે જણાવેલ અને તે અંગેના ફોન કોલ્સ કરેલ અને તેમા હમાબેન તથા આશીકઅલી નરસીનાએ કબુલ રાખેલ છે કે બાકીના રૂપિયા તથા ૩૫૦ ચો.વારનો દસ્તાવેજ કરાવી આપીશુ. તેવું રેકોર્ડીંગ અમોના અસીલ પાસે હાલ મોજુદ છે. તેમજ એ અંગેનું લખાણ પણ અમોના અસીલ પાસે છે. અમોના અસીલે જે તે સમયે સીવીલ પ્રકરણ કરેલ હતા જે સમય મર્યાદાના કારણે નામદાર કોર્ટે સ્વીકારેલ નથી. જેના કારણે અમોના અસીલના હકકો મટી જતાં નથી. સદરહું જમીનમાં DEEMDED PURCHASER તરીકેના અસીલનો હકક ચાલી આવેલ છે. જેની વિરૂધ્ધ કોઈ ઓર્ડર થયેલ નથી. જે અંગે અમોના અસીલ તેનો હકક મેળવવા નામદાર સીવીલ કોર્ટમાં અલગથી કાર્યવાહિ કરનાર છે. તેમજ અમારા અસીલ મનુભાઈ આહિરનાએ હમાબેન આશીકઅલી ઉપર **સુરતના મહેરબાન ચીફ જયુડી. કોર્ટમાં CRMA-J/૧૭૫૦૩/૨૦૨૫ થી કેસ પણ દાખલ કરેલ છે જે નિર્ણાયાધિન છે. તેમજ સદરહું જમીન હાલ બીનખેતી થયેલ હોય તેમાં અમોના અસીલે વાંધા અરજી પણ આપેલ છે.** આમ, સદરહું જમીનમાં અમારા અસીલનો કાયદેસરનો હકક, હિત, હિસ્સો ચાલી આવેલ છે અને હાલ પણ હકક ઉભો હોય જેથી કોઈ પણ ઈસમ, સંસ્થા કે શરાફી પેઢી સદરહું જમીનમાં કોઈ પણ જાતના વેચાણ વ્યવહારોને લગતા કે કોઈ અન્ય પ્રકારના લખાણો ઉભા કરે કરાવે નહિ. તેમ છતાં જો કોઈ વ્યકિત, સંસ્થા કે પેઢી આવા કોઈ લખાણો કરે કરાવે તો તેઓને કોઈ ટાઈટલ કલીયરન્સ અને હકક પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ : ૪૦૬, સોલારીસ બેવ્યુ, ઈસ્કોન મોલની બાજુમાં, ડુમસ રોડ, પીપલોદ, સુરત. મો.૯૯૨૪૨ ૧૧૦૦૫

મારી મારફતે
રમેશ બી. મકવાણા-એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ થી જણાવવાનુ કે ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તા. **ચોરાસી** ના મોજે ગામ **ટીમ્બરવા** ના **ખાતા નં.૩૩૪** ના રે.સ.નં. ૧૧૦ જેનો **બ્લોક નંબરઃ ૧૩૪** વાળી ખેતીની જુની શરતની જમીન જેનુ ક્ષેત્રફળ છે : ૦-૭૭-૯૦ આકારના રૂા.૧૨.૦૦ પૈસાવાળી વાળી જમીન **ધનસુખભાઇ નાગરભાઇ આહીર** ના નામજોગની ચાલી આવેલ છે. તેઓએ સદરહુ મીલકત પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનુ તેમજ તેના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનુ નક્કી કરેલ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક, સોસાયટી કે સંસ્થાનો કે અન્ય કોઇનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, દરદાવો, અધિકાર કે હિતસંબંધ કે કોઇનો ભરણ-પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** માં અમોને પુરાવા સહિત લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે થી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક, સોસાયટી કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, દરદાવો, અધિકાર કે હિતસંબંધ કે કોઇનો ભરણ-પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક નથી અને હોય તો તે જતો (Waive) કર્યો છે, યાને છોડી દીધો છે, તેમ માની લેવામાં આવશે અને અમારા અસીલ આ વ્યવહાર સંપુર્ણ કરશે તેમજ સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ પ્રકારની તકરાર કે હકક દાવો કે વાંધા ચાલશે નહી જેની જાહેર -જનતા એ તથા લાગતા-વળગતાએ નોંધ લેવી.

૩૦૯, એવલોન ધી બીઝનેસ હબ, પાટીદાર સમાજની વાડી સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત. મો. ૯૭૨૩૪ ૯૧૨૮૧.

અસીલની સુચના અને ફરમાઈશથી
કશ્યપ એચ. ઈંટાલીયા
એડવોકેટ એન્ડ નોટરી

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રિકટ શહેર સુરતના ઉમરવાડાના ટી.પી. સ્કીમ નંબર-૮